GJRJ180000162012

Presented on : 24-01-2012
Registered on : 24-01-2012
Decided on : 16-12-2023
Duration : 11 years, 10 months, 23 days

રાજકોટ જીલ્લાની બીજી મજુર અદાલતના પ્રમુખ અધિકારી શ્રી પી. આર. સુથાર સમક્ષ.

**રેફરન્સ ( એલ. સી. આર. ) નંબર : ૧૪ / ૨૦૧૨**

આંક :૫૭

**અરજદાર** :- **શ્રી મગનભાઈ ચનાભાઈ આતરેસા,**
મું. લીલાપર,
તા. મોરબી, જિ. રાજકોટ.

**વિ રૂ દ ધ**

**સામાવાળા** :- **નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,**
સિંચાઈ પેટા વિભાગ,
તાલુકા સેવા સદન, પ્રથમ માળ,
સ્ટેશન પ્લોટ, ગોંડલ.

હાજર રહયા:- **અરજદાર તરફે** : વિ. વ. શ્રી એલ. એમ. પાટીલ.
**સામાવાળા તરફે** : વિ. એજીપી.શ્રી. એ.એસ.ગોગીયા

**બાબત :-** ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ ની કલમ-૧૦(૧) હેઠળ રેફરન્સ.

**~:: એવોર્ડ ::~**

**(૧)** હાલનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકત, રાજકોટ ધ્વારા નંબર-કે. એચ. એસ. / એચ. એમ. સી. / આર. એ. જે. / ૯૯ / ૧૧ / આર. ટી., તા.૧૦/૦૧/૨૦૧૨ થી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૧૦(૧)(સી) હેઠળ **નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,ગોંડલ** અને તેના કામદાર **શ્રી મગનભાઈ ચનાભાઈ આતરેસા** વચ્ચેની તકરારનો નિર્ણય થવા મોકલેલ છે કે, **શ્રી મગનભાઈ ચનાભાઈ આતરેસા** ને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

**(૨)** અરજદારનો ઉકત રેફરન્સ કેસ અત્રેની કોર્ટમાં ચાલી જતા તા.૨૬/૧૧/૧૮ ના રોજ આંક-૨૮ થી થયેલ હુકમ મુજબ અરજદારનો રેફરન્સ રદ કરવામાં આવેલ. જે હુકમથી નારાજ થઈ અરજદારે અત્રેની કોર્ટમાં આઈ.ડી.(પરચુરણ) અરજી નં. ૦૬/૨૦૧૯ દાખલ કરેલ હતી

તે પણ તા.૧૩/૮/૨૦૧૯ નારોજ ના હુકમ અનુસાર રદ કરવામાં આવેલ તેથી અરજદારે નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે.સી.એપ્લી.નં. ૨૮૮/૨૦૨૦ દાખલ કરેલ, જેમાં નામ. ગુજ.હાઈકોર્ટ તા.૨૯/૯/૨૨ નારોજ હુકમ કરી મુળ રેફ.કેસ નં.૧૪/૨૦૧૨ રીસ્ટોર કરી બંને પક્ષે સાંભળી ગુણદોષ ઉપર નિકાલ કરવા હુકમ કરેલ. અને તે હુકમ અન્વયે અરજદારે આંક–૩૦ થી અરજી રજુ કરતાં હાલનો રેફરન્સ કેસ નામ.ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એપ્લી.નં.૨૮૮/૨૦૨૦ ના તા.૨૯/૯/૨૨ ના હુકમ અનુસાર રીસ્ટોર કરી બંને પક્ષે રજુઆતો અને પુરાવાઓ રજુ કરવાની તક આપી નિર્ણયાર્થે છે.

(૩) અરજદારે આંક–૩ થી માંગણાનું નિવેદન રજુ કરી જણાવેલ છે કે,

– આઈ. ડી. એકટ મુજબ અરજદાર આઈ.ડી. એકટની કલમ ૨–એસ મુજબ કામદારની વ્યાખ્યામાં અને સામાવાળા કલમ ૨–જે મુજબ ઉદ્યોગની વ્યાખ્યામાં આવે છે.

– અરજદારે માંગણા નિવેદનની વિગતે જણાવેલ છે કે, તેઓ સામાવાળામાં મજુર તરીકે જાન્યુઆરી–૧૯૮૩ થી તા.૩૧/૦૩/૨૦૦૯ સુધી એકધારી અને સળંગ નોકરી કરેલ હતી. સામાવાળા લઘુતમ વેતન મુજબ પગાર ચુકવતા હતા અને સળંગ નોકરી ૨૪૦ દિવસ કરતા વધારે હતી.

– સામાવાળા અરજદારની હાજરી પુરતા તે સિવાય કોઈ લેખીતમાં નિમણુક હુકમ કે હાજરી કાર્ડ કે પગાર ચીઠ્ઠી આપતા નહી. અરજદારની હાજરીનો રેકર્ડ સામાવાળાના કબ્જામાં છે. સામાવાળા દ્વારા અરજદારને અલગ અલગ જગ્યા ઉપર કામ આપવામાં આવતુ હતું. અરજદારની હાજરી મસ્ટરમાં પુરવામાં આવતી હતી. કયારેય કયારેક હેન્ડ રીસીપ્ટ ઉપર પણ કામ આપવામાં આવતુ હતું.

– અરજદારને કોઈ પણ જાતના કારણો વગર સામાવાળાએ તા. ૩૧/૦૩/૨૦૦૯ ના રોજ મૌખીક હુકમથી છુટા કરેલ છે.

– છુટા કર્યા ત્યારે નોટીસ, નોટીસ પગાર કે બેકારી વતળર ચુકવેલ નથી.

– અરજદારને છુટા કર્યા ત્યારે જુનીયર કામદારોને કામે ચાલુ રાખેલા અને અરજદારને છુટા કર્યા બાદ અરજદારની જગ્યાએ નવા કામદારોની ભરતી કરેલ છે અને ત્યારે અરજદારને કામ ઉપર બોલાવેલ નથી. અરજદાર જે કામગીરી કરતા હતા તે કાયમી પ્રકારની કામગીરી હતી અને તે આજે પણ ચાલુ છે. અરજદારને છુટા કરતી વખતે કોઈ સિનીયોરીટી લીસ્ટ બતાવેલ નથી કે પ્રસિધ્ધ કરેલ નથી.

– આમ, અરજદારને છુટા કરવામાં સામાવાળાએ આઈ. ડી. એકટની કલમ–૨૫ (એફ)(જી)(એચ) અને ઔધોગિક વિવાદ ગુજરાત નિયમ–૮૧ નો ભંગ કરેલ છે.

– અરજદારને છુટા કર્યા બાદ અન્ય જગ્યાએ નોકરી મેળવવા પ્રયાસ કરેલ છે પરંતુ નોકરી મળેલ નથી અને અત્યારે અરજદાર છુટક મજુરી કરી માસિક રૂા.૭૦૦ થી ૮૦૦ કમાઈ લઈએ છીએ.

– તેમ જણાવી દાદ માગેલ છે કે, અરજદારને છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર ઠરાવી રેફરન્સ મંજુર કરી સામાવાળા પડેલ દિવસોના પગાર સાથે સળંગ નોકરીથી મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરે અને રેફરન્સ ખર્ચના રૂા.૩,૦૦૦/– ના ચુકવે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળાએ આંક–૧૩ થી માંગણાના નિવેદનનો જવાબ રજુ કરી જણાવેલ છે કે,

– અરજદારની અરજી શુધ્ધબુધ્ધિ રહીતની,ઉપજાવી કાઢેલ હકીકતો વાળી હોય, રદ થવાને પાત્ર છે.

– અરજદારે અમો સામાવાળા હસ્તકની એક પણ યોજનામાં કયારેય અરજદારે જણાવેલ છે તેવા વર્ષો દરમ્યાન કોઈ પણ વર્ષમાં એક પણ દિવસ કોઈ પણ પ્રકારની કામગીરી કોઈ પણ રીતે કામગીરી કરેલ નથી.

– અરજદારે ત્રણ વર્ષ પછી હાલનો કેસ કરેલ હોય, જે ઘ્યાને લેતા સમય મર્યાદાના કારણો યોગ્ય, ખરા અને વ્યાજની કારણો જણાવેલ ન હોય, સમય મર્યાદાના કારણે કેસ ચાલવાપાત્ર નથી.

– સામાવાળાને ઉદ્યોગની વ્યાખ્યામાં ગણી શકાય નહી.

– અરજદારની માંગણી મુજબ જાન્યુઆરી–૧૯૮૩ થી ૧૯૯૯ સુધીમાં તમામ રેકર્ડ તપાસેલ છે. જેમાં અરજદારનું નામ જ નથી. જયારે ૧૯૯૯ ની સાલથી ગુજરાત સરકારશ્રીના પરિપત્ર મુજબ આવા રોજમદારોને રાખવા પ્રતિબંધ મુકેલ છે. ત્યારબાદ જે મજુર અદાલતના હુકમથી તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમથી કામદારોને પુન:સ્થાપિત કરવા માટે હુકમ કરેલ છે તેવા કામદારોની હાજરી પુરવામાં આવે તેવા આધાર ૧૯૯૯ થી તા.૩૧/૦૩/૨૦૦૯ સુધીના અરજદારની માંગણી મુજબના નામદાર કોર્ટને બતાવવા માટે હાજર રાખવામાં આવશે. વધુમાં જણાવેલ છે કે, સને : ૧૯૯૯ / ૨૦૦૦ થી મસ્ટર પર કે હેન્ડ રીસીટ પર મજુરો / માણસો રોકી યોજનાઓના કામ કરવા પર સરકારશ્રી ઘ્વારા સંપૂર્ણ પ્રતિબંધ મુકી કોન્ટ્રાકટ

પધ્ધતીથી કોન્ટ્રાકટર મારફત કામ કરાવવામાં આવે છે. આ સંજોગોમાં અરજદારે નિમણુંક હુકમ, હાજરી કાર્ડ, પગાર ચીઠ્ઠી, લેખીત આધાર અને કહેવાતા શોષણ બાબતે જે હકીકતો જણાવી છે તે ખરી નથી. અરજદાર ધ્વારા સ્પષ્ટતા કરવામાં આવેલ નથી કે કયા કયા ડેમ ઉપર કઈ કઈ કામગીરી કરેલ છે. અરજદારે જયાં કામગીરી કરેલ હોય તેવા સ્થળો તથા ડેમની વિગતથી તેઓ પરિચિત હોવા જોઈએ. અરજદારે સામાવાળામાં કોઈ પણ કામ જ કરેલ નથી કે કદી કામ પર રાખવામાં આવેલ જ નથી. આઈ. ડી. એકટની કલમ–૨૫(એફ)(જી)(એચ) કે નિયમ–૮૧ નો ભંગ કરેલ નથી. અરજદારની માંગણીનો ઈન્કાર કરીએ છીએ. અરજદારે દરેક બાબતમાં ખોટી અને ઉપજાવી કાઢેલી બાબતોથી કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્ર યત્ન કરેલ છે.

– અરજદાર દાદ મેળવવા હકકદાર થતા નથી. અરજી દાખલારૂપ ખર્ચ સહીત રદ કરવા અરજ છે.

– તા.૧૮/૦૨/૦૨ ના સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : તજર / ૧૦ / ૨૦૦૦ / ૩૬૫ / ૧૩૫ (૨૦૦૨) ઝ, તા.૧૮/૦૨/૨૦૦૨ અન્વયે રાજયની તમામ સરકારી કચેરીઓમાં પગાર ભથ્થાની ચુકવણી ચેકથી બેંક મારફતે કરવાનું ઠરાવેલ છે. આ ધ્યાને લેતાં જો માનવા ખાતર પણ માની લેવામાં આવે કે અરજદારે જણાવેલ છે તેવા કહેવાતા સમય માટે કહેવાતી કામગીરી કરેલ હતી તો અરજદારને સને : ૨૦૦૨ ના મે માસથી જે પણ રોજ / રકમ ચુકવાયેલ હોય તો તે ચેક મારફત ચુકવાયેલ હોય. આ સંજોગોમાં અરજદારે કહેવાતી રીતે ૨૦૦૯ સુધી કામ કરેલ હોવાનું જણાવેલ છે ત્યારે સને : ૨૦૦૨ ના જુન માસથી તા.૧ ૫/૦૬/૨૦૦૯ સુધી દરેક માસનું જે રોજ / પગાર ચુકવાયેલ હોય, તે તેમના ખાતામાં ચેક થી જમા થયેલ હોય અને તમામ વિગતો જેવી કે, અરજદારનો બેંકનો ખાતા નંબર અને તેનો સામાવાળાએ આપેલ ચેક થી જમાં થયેલ હોય તે તમામ વિગતો અરજદાર પાસે હોય જે અંગે અરજદારે તેમના નિવેદનમાં કસુ જ જણાવેલ નથી.

(૫) નામ.ગુજરાત હાઈકોર્ટના હુકમ બાદ સદરહુ કેસ રીસ્ટોર થતાં અરજદારે આંક–૪૧ થી પ્રથમ પક્ષકાર સંસ્થા પાસેથી કામદારને લગતા સને.૧૯૮૩ થી ડીસે.૨૦૦૯ સુધીના હાજરીપત્રક અને પગાર પત્રક તેમજ સંસ્થાનુ સીનીયોરીટી લીસ્ટની નકલ રજુ કરાવવા અરજી રજુ કરેલ, દરમ્યાન સામાવાળા સંસ્થાએ આંક–૪૩ ના દસ્તાવેજી લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ હોય, અને અરજી લગત અરજદારના વિ.વ.શ્રીનો દસ્તાવેજો રજુ થયા અંગેનો શેરો થયેલ હોય,

આંક–૪૧ ની અરજી તેમ ફેસલ કરવામાં આવેલ છે અને અરજદારના માગ્યા મુજબના દસ્તાવેજો રેકર્ડ ઉપર આવેલ છે.

(૬) અરજદાર તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| **માર્ક / આંક** | **વિગત** |
|---|---|
| ૧૪ | અરજદાર મગનભાઈની સરતપાસનું સોગંદનામું |
| ૪૪/૧ | સ્પે.સી.એ.નં.૧૫૯૩૯/૧૫ ના હુકમની નકલ, તા.૮/૧૧/૧૬ |
| ૪૪/૨ | સીનીયોરીટી લીસ્ટની નકલ, તા.૨૧/૧૦/૦૮ |
| ૪૪/૩ | સ્પે.સી.એ.નં.૧૨૫૪૧/૧૪ ના હુકમની નકલ, તા.૨૬/૧૦/૧૯ |
| ૪૪/૪ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૩૦/૫/૧૯ |
| ૪૪/૫ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૩૦/૫/૧૯ |
| ૪૪/૬ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૩૦/૫/૧૯ |
| ૪૪/૭ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૩૦/૫/૧૯ |
| ૪૪/૮ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૩૦/૫/૧૯ |
| ૪૪/૯ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૨૭/૨/૨૦ |
| ૪૪/૧૦ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૨૨/૧/૨૧ |
| ૪૪/૧૧ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૨૨/૧/૨૧ |
| ૪૪/૧૨ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૨૨/૧/૨૧ |
| ૪૪/૧૩ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૨૨/૧/૨૧ |
| ૪૪/૧૪ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૨૨/૧/૨૧ |
| ૪૪/૧૫ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૨૨/૧/૨૧ |
| ૪૪/૧૬ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૨૨/૧/૨૧ |
| ૪૪/૧૭ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૧૮/૧૦/૨૧ |
| ૪૪/૧૮ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૧૭/૨/૨૧ |
| ૪૪/૧૯ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૩/૧૨/૨૨ |
| ૪૪/૨૦ | સંસ્થા દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હુકમની નકલ, તા.૩/૧૨/૨૨ |
| ૪૪/૨૧ | સ્પે.સી.એ.નં.૧૯૬૧૩/૨૧ ના હુકમની નકલ, તા.૭/૧/૨૩ |
| ૪૫/૧ | ના.કા.ઈ. દ્વારા આપેલ અરજદારની અરજી અનુસંધાને આપેલ હાજરીના દિવસોની માહીતીની નકલ, તા.૨૨/૭/૨૨ (પે. નં.૧ થી ૩ |
| ૪૮ | કલોઝીંગ પુરશીસ. |

(૭) સામાવાળા તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| **આંક/માર્ક** | **વિગત** |
|---|---|
| ૪૯ | સામા. તર્ફે જતીનભાઈ ગજેરા, ના.કા.ઈ. ની સ.ત.નું સોગંદ નામુ |
| ૨૫/૧ | અરજદારે કરેલ કામગીરી માટે હાજરી/ગેરહાજરી તથા તેને ચુકવેલ નાણાં ની વિગત દર્શાવતું પત્રક, તા.૧/૧/૮૩ થી ૩૧/૩/૦૯ |
| ૨૫/૨ | નાણાકીય વર્ષવાઈઝ તેની હાજરી તથા તેને ચુકવેલ નાણાંની વિગત દર્શાવતું પત્રક, |
| ૨૫/૩ | છુટા કર્યાના છેલ્લા વર્ષનું અરજદારની હાજરીનું પત્રક |

| | |
|---|---|
| ૪૩/૧ | રાજકોટ સિંચાઈ વર્તુળ રાજકોટના પત્ર નં.ઈ–રા/અ/રોજમદાર/૭૨૬, તા.૨૧/૧૦/૦૮ થી પ્રસિધ્ધ રોજમદાર કર્મચારીઓની યાદીની નકલ, (પાના નં.૧ થી ૫૧) |
| ૪૩/૨ | કામદારની સને.૧૯૮૩થી ડીસે.૨૦૦૯ હાજરી તથા પગારની વિગત દર્શાવતા પત્રકની નકલ, (પાના નં.૫૨ થી ૫૫) |
| ૫૨/૧ | નાણા વિભાગના તા.૧૮/૨/૦૨ તથા તા.૨૮/૬/૦૨ ના ઠરાવની નકલ (પાના નં.૧ થી ૧૫) |
| ૫૨/૨ | વર્ષ–૨૦૦૬ તથા ૨૦૦૯ના ફરજ બજાવતા કર્મચારીઓને બેંક મારફત થયેલ ચુકવણાના પુરાવા |
| ૫૩ | કલોઝીંગ પુરશીસ |

(૮) આ કામે અરજદાર આંક–૧૪ થી સરતપાસ રજુ કરી આંક–૧૯ થી પુરશીસ રજુ કરેલ કે, રેફરન્સ એલ.સી.આર નં.૩/૧૨ નાકામે વિનોદ દેવાભાઈ સુરેલાની સરતપાસ તથા ઉલટ તપાસ થયેલ છે તે કેસ અને હાલના કેસના અરજદારની વિગત તથા નોકરીનો સમયગાળો સમાન હોય, તે કેસમાં થયેલ સરતપાસ તથા ઉલટતપાસ આ કેસમાં એડોપ્ટ કરીએ છીએ અને તેની ખરીનકલ રજુ કરેલ છે પરંતુ એક કેસની જુબાની બીજા કેસમાં વાંચી શકાય નહી અને નિર્ણયનો આધાર બનાવી શકાય નહી તેવા કારણસર પુરશીસ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા રેકર્ડ પર લેવામાં આવેલ નથી. ત્યારે અરજદારની આંક–૧૪ ની સરતપાસ લગત ઉલટ તપાસનો સામાવાળાનો હકક તા.૧૧/૦૯/૨૦૧૭ ના રોજ આંક –૧૪ તે સરતપાસના સોગંદનામાં હેઠળ હુકમ કરી સામાવાળાની ગેરહાજરીના કારણસર બંધ કરવામાં આવેલ છે.

(૯) આ કામે નામ.ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત હુકમ અનુસાર કેસ રીસ્ટોર થતાં બંને પક્ષે પુરાવા રજુ કરવા તક આપતા જરૂરી પુરાવા રજુ થયેલ અને બંને પક્ષે પુરાવા બંધની પુરશીસો જાહેર કર્યા બાદ બંને પક્ષે કામ દલીલ માટે રાખવામાં આવેલ ત્યારે અરજદાર તરફે આંક–૫૪ થી લેખીત દલીલ અને આંક–૫૫ થી નીચે લખી ઓથોરીટી લીસ્ટ રજુ કરવામાં આવેલ છે, જયારે સામાવાળા તરફે આંક–૫૬ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે જે બંને પક્ષની દલીલો જે રેકર્ડ ઉપર હોય, પુન:ઉચ્ચારણ નિવારણ હેતુ થી અત્રે ઉલ્લેખ કરવામાં આવેલ નથી. પરંતુ નિણાર્યાથે વંચાણે લઈ નિર્ણયના કારણોની ચર્ચા દરમ્યાન જરૂરી ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**(૧૦)** આ કામના નિર્ણય અર્થે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**(૧)** શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ સામાવાળાના કામદાર હતા ?
**(૨)** શું અરજદાર પુરવાર કરે છે કે, તેને નોકરીમાંથી આઈ. ડી. એકટની કલમો–૨૫ (એફ) (જી) (એચ) નો ભંગ કરીને છુટા કરેલ છે ?
**(૩)** શું અરજદાર નોકરીની મુળ જગ્યાએ પડેલ દિવસોના પગાર સાથે પુન:સ્થાપિત કરવાની દાદ મેળવવા હકકદાર છે ?
**(૪)** શું હુકમ ?

**(૧૧)** આ કામના ઉપરોકત મુદાઓના નિર્ણયો નીચે મુજબ છે.

**(૧)** હકારમાં
**(૨)** નકારમાં
**(૩)** નકારમાં
**(૪)** આખરી હુકમ મુજબ.

**–::કારણો::–**

ઉપરોકત નિર્ણયોના કારણો નીચેમુજબ છે.

**(૧૨)** મુદા નંબર–૧ થી ૩

– હાલના કેસની હકીકત અને પુરાવો જોતા હકીકતો અને પુરાવા પુન:ઉચ્ચારણ નિવારણ હેતુથી મુદા નંબર–૧ થી ૩ ના નિર્ણય માટેના કારણોની ચર્ચા નીચે મુજબ સંયુકત કરવામાં આવેલ છે.

**(૧૨.૧)** અરજદારે પોતાના આંક–૩ થી રજુ માંગણાના નિવેદનમાં અને આંક–૧૪ થી રજુ સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે કે, તેમણે સામાવાળા સંસ્થમાં મજુર તરીકે જાન્યુઆરી–૧૯૮૩ થી તારીખ : ૩૧/૦૩/૨૦૦૯ સુધી એકધારી અને સળંગ નોકરી કરેલ હતી. અને તેમ પુરવાર કરવા અરજદારે સામાવાળા સંસ્થા પાસેના દસ્તાવેજો ઉપર આધાર રાખેલ છે અને સંસ્થાના તેવા દસ્તાવેજો એટલે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદારને લગતા સને.૧૯૮૩ થી ડીસે.૨૦૦૯ સુધીના હાજરીપત્રક અને પગારપત્રક તેમજ સંસ્થાના સીનીયોરીટી લીસ્ટની નકલ રજુ કરાવવા આંક–૪૧ થી અરજી રજુ કરેલ અને તે અરજી રજુ થતાં સામાવાળા સંસ્થાએ આંક–૪૩ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે. ત્યારે અરજદારના વિ.વ.શ્રીએ માગ્યા મુજબના દસ્તાવેજો રજુ થયા છે તે અભ્યાસ કરી આગળની કાર્યવાહી માટે જાણ કરીશુ તેવો શેરો કરેલ. ત્યારબાદ આંક–૪૧ ની સુનાવણી દરમ્યાન અરજદારના વિ.વ.શ્રીએ કોઈ વિશેષ રજુઆત કરેલ નથી તેથી શેરા મુજબ આંક –૪૧ ની અરજી ફેસલ કરવામાં આવેલ છે અને અરજદારના માગ્યા મુજબના દસ્તાવેજો નિ.૪૩/૧ અને નિ.૪૩/૨ થી રેકર્ડ પર આવેલ છે. તેમ છતાં અરજદારના વિ.વ.શ્રી

તેઓની લેખિત દલીલમાં જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા પાસે દસ્તાવેજો માગવા માટે આપવામાં આવેલી આંક–૪૧ ની અરજી અન્વયે પણ પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા તેવા દસ્તાવેજો શુધ્ધબુધ્ધિ પુર્વક રજુ કરવામાં આવેલ નથી અને નામ.અદાલતે તદન ગેરવ્યાજબી અને ગેરકાયદેસર રીતે દસ્તાવેજો રજુ કરાવાની અરજી ફેસલ કરી નાખેલ છે. અરજદારની આંક –૪૧ ની અરજી તા.૦૩/૦૭/૨૦૨૩ નારોજ રજુ થયેલ હતી, ત્યારબાદ સામાવાળા સંસ્થાએ તા.૨/૮/૨૩ ના રોજ દસ્તાવેજો રજુ કરેલ ત્યારે જ અરજદારના વિ.વ.શ્રીને નકલ પુરી પાડવામાં આવેલી અને તે જ દિવસે એટલે કે તા.૦૨/૦૮/૨૩ નારોજ અરજદારના વિ.વ.શ્રી આંક–૪૧ લગત પણ શેરો કરેલ છે અને ત્યારબાદ સાંભળી તા.૦૯/૦૮/૨૦૨૩ ના રોજ આંક–૪૧ લગત હુકમ કરવામાં આવેલ છે. ત્યારે કે ત્યારબાદ પણ અરજદારના તરફે આવી કોઈ રજુઆત આવેલ નથી કે માગ્યા મુજબના દસ્તાવેજો મળેલ નથી. તેથી ઉપરોકત હકીકત અને અરજદારની દસ્તાવેજોની માંગણી તેમજ રજુ થયેલ નિ.૪૩/૧ અને નિ.૪૩/૨ ના દસ્તાવેજો જોતા અરજદારની માંગણી મુજબના દસ્તાવેજો રજુ થયેલ છે. તેથી આખરી દલીલના તબકકે અરજદારે જણાવેલ ઉકત દલીલમાં તથ્ય જણાતું નથી.

**(૧૨.૨)** હવે અરજદાર તેઓની માગણી મુજબના દસ્તાવેજો સંસ્થાએ નિ.૪૩/૧ અને ૪૩/૨ થી રજુ કરેલ છે તે જોતા નિ.૪૩/૧ તે સામાવાળા સંસ્થા ધ્વારા તા.૨૧/૧૦/૦૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ રોજમદાર કર્મચારીઓની પ્રાયોગીક જયેષ્ઠતા યાદી છે પરંતુ આ તબકકે મુદાના નિર્ણયાર્થે સૌપ્રથમ આ કામે નિ.૪૩/૨ થી રજુ કામદારની સને.૧૯૮૩ થી ડીસે. ૨૦૦૯ સુધીની હાજરીની વિગત તથા પગાર દર્શાવતુ પત્રક, નાયબ કાર્યપાલક ઈજનેર પોતાની સહી થી રેકર્ડ આધારે ખરાઈ કરી રજુ કરેલ છે તે ધ્યાને લેવા યોગ્ય છે. તેમાં કામદાર મગનભાઈ ચનાભાઈ આતરેસા સામાવાળાને ત્યાં તા.૦૧/૦૧/૧૯૮૩ થી તા.૩૧/૩/૦૯ સુધીની નોકરી કરેલ તેમ માંગણા નીવેદનમાં જણાવેલ તે અન્વયે માહીતી પુરી પાડેલ છે અને તેની ખરેખર હાજરી અને ચુકવેલ નાણાની વિગત પત્રકથી રજુ કરેલ છે. પત્રકને અંતે ના.કા.ઈજનેર ધ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે કે, ઉપર મુજબની વિગતો રેકર્ડ આધારે ખરાઈ કરી આપવામાં આવેલ છે. આ જ દસ્તાવેજોની અસલ નિ.૨૫/૧ અને નિ.૨૫/૨ થી પણ રજુ થયેલ છે. આમ સદરહુ દસ્તાવેજોમાં અરજદારની હાજરીની વિગતો ધ્યાને લેતા અરજદારે ,–

–તા.૨૧/૦૪/૧૯૯૩ થી તા.૨૪/૦૫/૧૯૯૭ દરમ્યાન છાપરવાડી–૨ સિંચાઈ યોજનામાં ૧૮૧ દિવસ .....

– તા.૧૮/૦૬/૧૯૯૪ થી તા.૧૩/૧૧/૧૯૯૮ દરમ્યાન ઈશ્વરીયા સિંચાઈ યોજનામાં ૧૪૩ દિવસ .....

– તા.૧૪/૦૨/૧૯૯૫ થી તા.૨૪/૦૧/૧૯૯૭ દરમ્યાન કરમાળ સિંચાઈ યોજનામાં ૭૨ દિવસ .....

– તા.૦૧/૦૨/૧૯૯૭ થી તા.૧૪/૧૨/૧૯૯૭ દરમ્યાન છાપરવાડી–૧ સિંચાઈ યોજનામાં ૧૩૨ દિવસ .....

અને સરકારશ્રી ધ્વારા તા.૩૦/૧૧/૧૯૯૯ બાદ એક પણ યોજનાઓ પણ મસ્ટર ઈસ્યું કરવામાં આવેલ નથી તેવું જણાવાયેલ છે. અને સદરહુ પત્રકમાં જણાવ્યા મુજબ તા.૧૩/૧૧/૧૯૯૮ સુધીની વિગત દર્શાવેલ છે તેથી તે હકીકત સ્વીકૃત છે કે અરજદારે તા.૧૩/૧૧/૯૮ સુધી સામાવાળા સંસ્થામાં કામ કરેલ છે. અરજદારે જયારે સામાવાળાની અલગ અલગ સિંચાઈ યોજનાઓમાં તા.૧૩/૧૧/૯૮ સુધી કામ કરેલુ છે ત્યારે અરજદાર સામાવાળાના ''કામદાર'' હોવાનું પુરવાર થાય છે.

તેથી, સબબ <u>મુદા નંબર–૧</u> નો જવાબ **<u>હકારમાં</u>** આપવામાં આવે છે.

**(૧૩)** અરજદારે પોતાના માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે, તેમને સામાવાળા સંસ્થામાં જાન્યુઆરી–૧૯૮૩ થી તા.૩૧/૦૩/૨૦૦૯ સુધી એક ધારી અને સળંગ નોકરી કરેલ હતી. જે સામે સામાવાળાએ નિ.૨૫/૧ અને ૨૫/૨ તેમજ નિ.૪૩/૨ થી જણાવેલ છે કે, અરજદારે તા.૨૧/૦૪/૧૯૯૩ થી તા.૧૩/૧૧/૧૯૯૮ દરમ્યાન અલગ અલગ સિંચાઈ યોજનામાં ૫૨૮ દિવસ જ કામ કરેલ છે. આથી જયારે સામાવાળા એ અરજદારના માંગણાના નિવેદનની સદરહુ વિગતને નકારેલ છે ત્યારે અરજદારે પોતાનો આ બાબતેનો કલેઈમ/માંગણાનું નિવેદન પુરવાર કરવાનું છે. અરજદારે પોતાના સરતપાસમાં જણાવેલ છે કે, તે સામાવાળાની સંસ્થામાં મજુર તરીકે જાન્યુઆરી–૧૯૮૩ થી તા.૩૧/૦૩/૨૦૦૯ સુધી એકધારી અને સળંગ નોકરી કરેલ હતી. અરજદારે સદરહુ સમયગાળા દરમ્યાન સામાવાળામાં કામ કરેલ છે તે દર્શાવવા પોતાના સરતપાસના સોગંદનામામાં જણાવવા સિવાય અન્ય કોઈ જ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. **નામદાર સુપ્રિમ કોર્ટે રાજસ્થાન સ્ટેટ ગંગાનગર એસ. મીલ્સ લી.,** ના કેસમાં પારા–૬ માં ઓબ્ઝર્વ કર્યા મુજબ માત્ર સરતપાસના સોગંદનામામાં જણાવવાથી કોર્ટ તેને પુરવાર માનવા માટે પુરતો પુરાવો હોવાનું નહી ગણી શકે. સદરહુ કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે એવું પણ જણાવેલ છે કે, સામાવાળા ધ્વારા ચોકકસ સમયગાળાના મસ્ટર રોલ રજુ ન કરવાથી પણ કોર્ટ એવું નહી ઠરાવી શકે કે, કારણ

કે સામાવાળાએ મસ્ટર રોલ રજુ નથી કર્યા માટે અરજદારે માંગણાના નિવેનદમાં જણાવ્યા મુજબના દિવસો માટે સામાવાળામાં કામ કરેલ છે. જ્યારે હાલના કેસમાં તો સામાવાળાએ વિવિધ યોજનાઓ તા.૧૩/૧૧/૯૮ સુધી અરજદારે કામ કરેલ હોય તેની વિગતો રજુ કરેલ છે અને સરકારશ્રીના ધ્વારા તારીખ : ૩૦/૧૧/૯૯ બાદ એક પણ યોજના ઉપર મસ્ટર ઈસ્યુ કરવામાં આવેલ નથી તેમ જણાવેલ છે. તેથી વિરૂધ્ધ અરજદાર કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી. આમ, અરજદાર પુરવાર કરી શકતા નથી કે, અરજદારે સામાવાળા સંસ્થામાં માં જાન્યુઆરી–૧૯૮૩ થી ૩૧/૦૩/૦૯ સુધી એક ધારી અને સળંગ નોકરી કરેલ હતી. સબબ અરજદાર એ પુરવાર કરી શકેલ નથી કે તેમણે સામાવાળામાં જાન્યુઆરી–૧૯૮૩ થી તા.૩૧/૦૩/૨૦૦૯ સુધી એક ધારી અને સળંગ નોકરી કરેલ હતી.

– **નામદાર ગુજરાત હાઈકોર્ટે રામભાઈ રાણાભાઈ સવધારીયા વિ. રેન્જ ફોરેસ્ટ ઓફીસર, ૨૦૦૯ (૫) જી. એલ. આર. ૪૨૬૯** ના કેસમાં જણાવેલ છે કે, અલગ અલગ સમયે અલગ અલગ કરેલ કામો ૨૪૦ દિવસની ગણતરી કરવા જોડી શકાય નહી.

– **નામદાર સુપ્રિમ કોર્ટે યુનિયન ઓફ ઈન્ડીયા વિ. જુમ્માશા દિવાન, ૨૦૦૭ (૧) જી. એલ. આર. ૧૩૩ (સુ. કો.)** માં જણાવેલ છે કે, સળંગ નોકરી ગણવા માટે એક જ એડમીનીસ્ટ્રેશનના અલગ અલગ એસ્ટાબ્લીશમેન્ટમાં કરેલ કામને સાથે ગણી શકાય નહી.

– હાલના કેસમાં અરજદારે સામાવાળામાં તા.૨૧/૦૪/૧૯૯૩ થી તા.૧૩/૧૧/૧૯૯૮ દરમ્યાન અલગ અલગ સિંચાઈ યોજના માં ૫૨૮ દિવસ કામ કરેલ છે. આમ, અરજદારે સામાવાળાની અલગ અલગ સિંચાઈ યોજનાઓમાં કામ કરેલ દિવસોને સળંગ નોકરીની ગણતરી અર્થે જોડી શકાય નહી. **જોડવામાં આવે તો પણ,** અરજદારે સામાવાળામાં તા.૨૧/૦૪/૧૯૯૩ થી તા.૧૩/૧૧/૧૯૯૮ એટલે કે, પાંચ વર્ષ (૨૦૨૮ દિવસ) દરમ્યાન દરમ્યાન ૫૨૮ દિવસ કામ કરેલ છે. વળી, અરજદારે જણાવ્યા મુજબ તા.૩૧/૩/૨૦૦૯ સુધી કામ કરેલ હોય તેનો લેસમાત્ર પુરાવો રજુ કરેલ નથી.

– **નામદાર ગુજરાત હાઈકોર્ટે ભારત સંચાર નિગમ લીમીટેડ વિ. લર્નેડ પ્રિસાઈડીંગ ઓફીસર, એસ. સી. એ. નંબર–૯૪૬૮/૨૦૦૩, તા.૦૯/૦૮/૧૨** ના કેસમાં કામદાર તરફેની એવી દલીલને માન્ય રાખેલ નથી કે, અરજદારને ઉલટ તપાસમાં સળંગ નોકરી બાબતે પડકારેલ ન હોય ત્યારે તે પુરવાર માનવુ જોઈએ. નામદાર કોર્ટે પારા–૧૯(૨) માં કરેલ ઓબ્ઝર્વેશન નીચે રીપ્રોડ્યુઝ કરેલ છે.

**2)** The Tribunal is not correct in observing that there was no challenge to assertion of the

workman. In fact statement of claim is properly replied as could be seen from the written statement wherein special stand is taken by the employer that it is not the case of termination of service of the workman but it was a case of abandonment of work by workman himself. Now this is the case put up and when workman has not lodged any evidence to indicate that how and what happened during period October 1989, the Tribunal could not have straightway accepted oral version of workman being continuous in service. There exists unexplained gap which could not have been bridged by workman by oral evidence even if it remains unchallenged. Therefore, in my view the order of Tribunal and findings of the Tribunal qua this cannot be said to be sustainable in eye of law.

– આઈ. ડી. એકટની કલમ–૨૫(એફ) ના રક્ષણમાં આવવા માટે અરજદારે ઓછામાં ઓછી એક વર્ષ સામાવાળામાં નોકરી કરેલ હોવી જોઈએ. આ એક વર્ષનો સમય આઈ. ડી. એકટની કલમ–૨૫બી(૧) કે ૨૫બી(૨) મુજબ પણ અરજદાર પુરવાર કરી શકેલ નથી. અરજદાર સામાવાળામાં પોતાની સળંગ નોકરી પણ પુરવાર કરી શકેલ નથી કે ડેટ ઓફ ટર્મિનેશન પણ પુરવાર કરી શકેલ નથી. અરજદાર પોતાના માંગણાના નિવેદનમાં જણાવે છે કે, તેમને તા.૩૧/૦૩/૨૦૦૯ ના રોજ છુટા કરેલ છે જયારે સામાવાળાએ આંક –૨૫ માં જણાવેલ છે કે, અરજદારે તા.૨૧/૦૪/૧૯૯૩ થી તા.૧૩/૧૧/૧૯૯૮ દરમ્યાન અલગ અલગ સિંચાઈ યોજનામાં ૫૨૮ દિવસ જ કામ કરેલ છે અને અરજદાર જણાવે છે કે તેમણે સામાવાળામાં ૧૯૮૩ માં કામ કરવા ગયેલો.

– **નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પેશીયલ સિવીલ એપ્લીકેશન નંબર–૧૦૯૦૭/૨૦૦૦ ના તારીખ : ૧૩/૦૮/૨૦૧૨ પાર્ટી પુંજાભાઈ જેઠાભાઈ અને સાત વિ. ડેપ્યુટી એકઝીકયુટીવ એન્જીનીયર અને એક** ના કેસમાં જણાવેલ છે કે, ૨૫(એફ) નું રક્ષણ માંગવા માટે ટર્મિનેશનની ચોકકસ ડેટ અનિવાર્ય છે. ૨૪૦ દિવસની ગણતરી ડેટ ઓફ ટર્મિનેશનના આગળના બાર મહિનામાં કરવાની છે માટે જયાં ૨૪૦ દિવસની તકરાર હોય ત્યાં કોર્ટે એકચ્યુલ ડેટ ઓફ ટર્મિનેશન ધ્યાનમાં રાખવાની છે.

– સામાવાળા તરફે આંક–૨૫ અને નિ.૪૩/૨ થી રજુ થયેલા દસ્તાવેજોમાં અરજદારે તા.૨૧/૦૪/૧૯૯૩ થી તા.૧૩/૧૧/૧૯૯૮ દરમ્યાન અલગ અલગ સિંચાઈ યોજનામાં ૫૨૮ દિવસ કામ કરેલનું રેકર્ડ પર આવેલ છે. સદરહુ ૫૨૮ દિવસ તે આંક–૨૫ માં જણાવ્યા મુજબ તા.૨૧/૦૪/૧૯૯૩ થી તા.૧૩/૧૧/૧૯૯૮ દરમ્યાનના છે. અરજદારનો કેસ છે કે, તેઓ જાન્યુઆરી–૧૯૮૩ થી તારીખ : ૩૧/૦૩/૨૦૦૯ સુધી એકધારી અને સળંગ નોકરી સામાવાળામાં કરતા હતા. અરજદારે માંગણાના નિવેદનમાં આઈ. ડી. એકટની કલમ–૨૫(એફ) ની જોગવાઈનો ભંગ થયાનો આક્ષેપ કરેલ છે. આઈ. ડી. એકટની કલમ–૨૫(એફ) નું રક્ષણ મેળવવા માટે કામદારે આઈ. ડી. એકટની કલમ–૨૫(બી) મુજબ ટર્મિનેશનની આગલા બાર માસમાં ૨૪૦ દિવસ અથવા એક વર્ષ થી વધુ સળંગ નોકરી કરેલ હોવી અનિવાર્ય છે. અરજદારે માંગણાના નિવેદનમાં પોતાના ટર્મિનેશનની તારીખ : ૩૧/૦૩/૨૦૦૯ જણાવેલી છે. અરજદારે તા.૩૧/૦૩/૨૦૦૯ સુધી કામ કરેલાનો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામમાં રજુ કરેલ નથી. જયારે સામાવાળાએ આંક–૨૫ માં જણાવેલ છે કે, સરકારશ્રી દ્વારા તા.૩૦/૧૧/૧૯૯૯ બાદ એક પણ યોજના ઉપર મસ્ટર ઈસ્યું કરવામાં આવેલ નથી. તેમજ સરકારશ્રીના ચેક મારફત બેંક ખાતામાં ચુકવણાના ઠરાવ અન્વયે સને.૨૦૦૩ થી સને.૨૦૦૯ ના કોઈપણ મહીનામાં અમારી સંસ્થા દ્વારા અરજદારના બેંક ખાતામાં પગાર જમા થયેલ છે તેવો એકપણ પુરાવો આ કામે અરજદારે રજુ કરેલ નથી. સામાવાળા એ આંક–૨૫ અને નિ.૪૩/૨ થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાના ખરાપણાને અરજદારે પડકારેલ નથી. આંક–૨૫ ના દસ્તાવેજો મુજબ અરજદારે તારીખ : ૨૧/૦૪/૧૯૯૩ થી તા.૧૩/૧૧/૧૯૯૮ દરમ્યાન અલગ અલગ સિંચાઈ યોજનામાં ૫૨૮ દિવસ કામ કરેલ છે. અરજદારે સામાવાળામાં જાન્યુ.–૧૯૮૩ થી તા.૩૧/૦૩/૨૦૦૯ સુધી કામ કર્યાનું પુરવાર કરવા માટે ફકત સરતપાસના સોગંદનામામાં કહેવું પુરતુ નથી. ઉપરોકત ચુકાદાઓ મુજબ આવુ સાબીત કરવા માટે અરજદારે દસ્તાવેજી પુરાવો રજુ કરવાનો રહેશે અને સહ–કામદારને પણ તપાસવો પડશે. અરજદારને બેંક ખાતામાં પગારની ચુકવણી કરવામાં આવેલ હોય તેના પુરાવા રજુ કરવા જોઈએ. હાલના કેસમાં અરજદારે પોતાની સરતપાસના સોગંદનામામાં જણાવ્યા સિવાય એક પણ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે જેના પરથી એવું પુરવાર / નકકી થઈ શકે કે અરજદારે સામાવાળામાં આઈ. ડી. એકટની કલમ–૨૫(બી) મુજબ છટણી તારીખ સુધી એક વર્ષ માટે કામ કરેલ છે. આમ, અરજદાર પુરવાર કરી શકેલ નથી કે, આઈ. ડી. એકટની કલમ–૨૫(એફ) નું રક્ષણ મેળવવા

તેઓ હકકદાર હતા. અરજદાર કોઈ પણ રીતે પુરવાર કરી શકેલ નથી કે તેમણે સામાવાળામાં જાન્યુઆરી–૧૯૮૩ થી તા.૩૧/૦૩/૨૦૦૯ સુધી સળંગ નોકરી કરેલ હતી અને તેમની છટણી તા.૩૧/૦૩/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ છે.

– આમ, અરજદાર પુરવાર કરી શકેલ નથી કે, તેમને સામાવાળામાં ઓછામાં ઓછુ એક વર્ષ કામ કરેલ છે ત્યારે અરજદાર પુરવાર કરી શકેલ નથી કે તેમના ટર્મિનેશનમાં આઈ. ડી. એકટની કલમ–૨૫(એફ) નો ભંગ થયેલ છે.

– **નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૧ (૨) જી. એલ. આર. ૧૭૮૩** ના કેસમાં ઠરાવ્યા મુજબ આઈ. ડી. એકટની કલમ–૨૫(જી)(એચ) નો ભંગ પુરાવાર કરવા માટે ફકત સરતપાસનું સોગંદનામું નહી ચાલે બ્લકે તેની વિગતે નામ સહીત માહિતી આપવી પડશે. હાલના કેસમાં અરજદારે ફકત સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે કે, પોતાનાથી જુનીયર કામદારોને નોકરીમાં ચાલુ રાખેલા. અરજદારે આ માટે આવા જુનીયરોના નામો અને આવા નામ વાળા કામદારો પોતાનાથી જુનીયર હતા તે દર્શાવતો કોઈ જ પુરાવો રજુ રાખેલ નથી તે સંજોગોમાં અરજદાર પુરાવાર કરી શકેલ નથી કે, તેમના કેસમાં આઈ. ડી. એકટની કલમ–૨૫(જી) નો ભંગ થયેલ છે.

– **નામદાર સુપ્રિમ કોર્ટે સુરેન્દ્રનગર ડીસ્ટ્રીકટ પંચાયત વિ. ડાહ્યાભાઈ અમરસિભાઈ, એ. આઈ. આર. ૨૦૦૬ એસ. સી. ૧૧૦** ના ચુકાદામાં કરેલ ઓબ્ઝર્વેશન નીચે રીપ્રોડયુઝ કરેલ છે ...........

> As regards non-compliance of Sections 25G and 25H suffice is to say that witness Vinod Mishra examined by the appellant has stated that no seniority list was maintained by the department of daily wagers. In the absence of regular employment of the workman, the appellant was not expected to maintain seniority list of the employees engaged on daily wages and in the absence of any proof by the respondent regarding existence of the seniority list and his so called seniority no relief could be given to him for non-compliance of provisions of the Act.The Courts could have drawn adverse inference against the appellant only when seniority list was proved to be in existence and then not produced before the Court. In order to entitle the Court to draw inference unfavourable to the party,

the Court must be satisfied that evidence is in existence and could have been proved.

– આ કામે નિ.૪૩/૧ થી રજુ થયેલ સીનીયોરીટી લીસ્ટ તા.૨૧/૧૦/૦૮ નારોજ પ્રસિધ્ધ થયેલ છે. અને તેમ સામાવાળાએ આંક–૪૯ લગત ઉલટતપાસમાં પણ કબુલ રાખેલ છે. અરજદારે તેઓના માંગણા નિવેદન મુજબ ટીર્મીનેશનની તા.૩૧/૦૩/૨૦૦૯ દર્શાવેલ છે તેથી જો તે સમય દરમ્યાન અરજદાર સામાવાળા સંસ્થામાં કામ કરતા હોય તો સીનીયોરીટી લીસ્ટ ને ચેલેન્જ કરેલ હોય, પરંતુ સદરહુ સીનીયોરીટી લીસ્ટ પ્રસિધ્ધ થયે અરજદારે કોઈ વાંધા ઉપસ્થિત કરેલ હોય તેવો અરજદારનો કેસ નથી. અરજદાર હાલના કેસમાં પુરવાર કરી શકેલ નથી કે, સામાવાળામાં તેઓ કામ કરતા હતા ત્યારે તેવા કામદારો માટે સિનીયોરીટી લીસ્ટ બનાવાવમાં આવતુ હતું. ત્યારે નામ. સુ. કોર્ટના સુરેન્દ્રનગર ડીસ્ટ્રીકટ પંચાયત વિ. ડાહ્યાભાઈ અમરસિંભાઈમાં ઠરાવ્યા મુજબ ...... The Courts could have drawn adverse inference against the appellant only when seniority list was proved to be in existence and then not produced before the Court. In order to entitle the Court to draw inference unfavourable to the party, the Court must be satisfied that evidence is in existence and could have been proved. ........ જયારે એવું પુરવાર ન થાય કે, સિનીયોરીટી લીસ્ટ અસ્તિત્વમાં હતુ અને છતાં રજુ કરવામાં નથી આવેલ ત્યારે જ વિરૂધ્ધ અનુમાન કરી શકાય. હાલના કેસમાં અરજદાર એવું પુરવાર કરી શકેલ નથી કે સામાવાળામાં સિનીયોરીટી લીસ્ટ બનાવાવમાં આવતુ હતુ ત્યારે અને છતાં તે રજુ કરવામાં આવેલ નથી ત્યારે તેના ભંગનો સવાલ નથી.

– અરજદારે માંગણાના નિવેદનમાં જણાવેલ નથી કે, પોતાને છુટા કર્યા બાદ પોતાની જગ્યાએ સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે તેવા કામદારોની ભરતી કરેલ છે. અરજદાર સૌપ્રથમ વખત સરતપાસના સોગંદનામામાં જણાવે છે કે, પોતાને છુટા કર્યા બાદ પોતાની જગ્યાએ ધીરૂભાઈ, મશાભાઈ, રમેશભાઈ વગેરેને કામ ઉપર રાખેલ છે. અરજદાર માં ગણાના નિવેદનમાં જણાવતા નથી કે, હાલનો રેફરન્સ ઉપસ્થિત થવાનું કારણ અરજદારની જગ્યાએ નવા કામદારોને રાખેલ હોવાથી થયેલ છે. અરજદાર જણાવતા નથી કે, પોતાની જગ્યાએ આવા રોજમદારો/કામદારોને સામાવાળાએ કઈ તારીખે કામે રાખ્યા અથવા તો પોતાને આવી ખબર કઈ તારીખે અને કેવી રીતે પડી. એટલે કે, અરજદારની ડીમાન્ડ નોટીસનું કોઝ ઓફ એકશન આઈ. ડી. એકટની કલમ–૨૫(એચ) નો ભંગ કર્યાનું કે માલુમ પડયાનું નથી. સામાવાળાએ આ કામમાં <u>આંક–૨૫</u> થી રજુ કરેલ દસ્તાવેજોમાં જણાવેલ છે કે, –

સરકારશ્રી ધ્વારા તા.૩૦/૧૧/૧૯૯૯ બાદ એક પણ યોજના ઉપર મસ્ટર ઈસ્યું કરવામાં આવેલ નથી. આમ, અરજદારે જેઓના નામ આપેલ છે તેવા કોઈ જ રોજમદારોને સામાવાળાએ અરજદારની જગ્યાએ કામે રાખેલાનું અરજદાર પુરવાર કરી શકેલ નથી.

– અરજદારે હાલના કામમાં ડીમાન્ડ નોટીસ રજુ કરેલ નથી. એ. સી. એલ. ની ફાઈલ વં ચાણે લેતાં તેમાં અરજદારે જણાવેલ નથી કે, પોતાનાથી કયા જુનીયર કામદારોને કામે રાખેલ છે અને તે જ રીતે જણાવેલ નથી કે, પોતાની જગ્યાએ નવી ભરતી કયારે કરી છે અને તેની જાણ અરજદારને કયારે અને કઈ રીતે થઈ. સદરહુ નોટીસમાં અરજદારે જણાવેલ નથી કે પોતે સામાવાળામાં જાન્યુઆરી–૧૯૮૩ થી કામ કરતા હતા. ડીમાન્ડ નોટીસ તે ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત થવાનો બેઝ છે. આવી ડીમાન્ડ નોટીસ અરજદારે આઈ. ડી. એકટની કલમ–૨૫(એફ)(જી)(એચ) ના ભંગ બાબતેની વિગતો માટે મભમ આપેલ છે. ડીમાન્ડ નોટીસમાં ''ઘણા વર્ષથી'' મજુર તરીકે સળંગ રીતે કામ કરતો હતો અને તા.૩૧/૦૩/૨૦૦૯ ના રોજ ગેરકાયદેસર રીતે છુટો કરેલ હતો તેવું જણાવેલ છે અને માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે, ''જાન્યુઆરી–૧૯૮૩ થી'' મજુર તરીકે, એટલે કે, અરજદાર સામાવાળામાં કયારથી કામ કરતા હતા તે બાબતેની ચોકકસાઈ પણ ડીમાન્ડ નોટીસમાં નથી અને આજ રીતે ડીમાન્ડ નોટીસમાં અને માંગણાના નિવેનદમાં આઈ. ડી. એકટની કલમ–૨૫(જી)(એચ) ના ભંગ માટેની કોઈ જ જરૂરી વિગતો આપેલ નથી અને સીધા જ સરતપાસના સોગંદનામામાં માત્ર નામો જણાવેલ છે.

– સામાવાળાના દસ્તવોજી પુરાવા મુજબ અરજદારે સામાવાળામાં તા.૨૧/૦૪/૧૯૯૩ થી તા.૧૩/૧૧/૧૯૯૮ દરમ્યાન અલગ અલગ સિંચાઈ યોજના માં ૫૨૮ દિવસ માટે કામ કરેલ છે. **માનવામાં આવે કે,** તા.૧૩/૧૧/૯૮ તે ૫૨૮ મો દિવસ અને આ દિવસ ે અરજદારની છટણી કરી ત્યારે જુનીયરોને કામે ચાલુ રાખેલ, તો અરજદારને કોઝ ઓફ એકશન તા.૧૩/૧૧/૧૯૯૮ ના રોજ મળ્યું અને તે માટે રેમેડી લેવા ડીમાન્ડ નોટીસ તારીખ : ૦૧/૧૨/૨૦૧૧ ના રોજ આપી જે કોઝ ઓફ એકશનના તેર વર્ષ અને અઠાર દિવસ બાદ. અરજદારે તેના માંગણા નિવેદનમાં કે મૌખિક પુરાવામાં આટલા લાંબા સમય પછી તકરાર લ ેવા અંગેનું એક પણ કારણ જણાવેલ નથી.

– અરજદારના વિ.વ.શ્રીએ દલીલમાં જણાવેલ છે કે, સાઈટ કરેલ નામદાર ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટમાં મુલવાયેલ છે કે, રેફરન્સ ઓર્ડરને ચેલેન્જ કરવામાં આવેલ ન હોય તો ડીલેના ગ્રાઉન્ડને રેફરન્સના કામે મુલવી શકાય નહી.

– **નામદાર સુપ્રિમ કોર્ટે આસીસ્ટન્ટ એન્જીનીયર, રાજસ્થાન સ્ટેટ એગ્રીકલ્ચર માર્કેટીંગ બોર્ડ, સબ ડીવીઝન કોટા વિ. મોહનલાલ રીપોર્ટ એ. આઈ. આર. ૨૦૧૩ એસ. સી. ડબલ્યું ૪૮૭૭** ના કેસમાં ઠરાવેલ છે કે, વિવાદ ઉપસ્થિત કરવામાં થયેલ ઢીલ દાદ નકકી કરવા માટે મહત્વનો મુદો છે. ઢીલ બાબતે બચાવ લેવામાં આવેલ હોય કે ન હોય, કોર્ટે તે મુદો ધ્યાને લેવાનો છે.

– **નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રવિણભાઈ નાનજીભાઈ ભરાડવા વિ.સ્ટેટ ઓફ ગુજરાત રાજય એલ. પી. એ. નંબર–૩૦૭/૨૦૧૬, તા.૨૬/૦૪/૧૬** ના કેસમાં છ વર્ષના ડીલેના સં જોગોમાં અરજદારને કોઈ દાદ આપવા પાત્ર નથીનું ઠરાવેલ છે.

– **નામદાર ગુજરાત હાઈકોર્ટે રતનબેન રામભાઈ વણકર વિરૂધ્ધ ડીસ્ટ્રીકટ ડેવલપમેન્ટ ઓફીસર, એલ. પી. એ. નંબર–૧૮૨/૨૦૧૭ તા.૨૯/૦૬/૨૦૧૭** ના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, આંઠ વર્ષના વિલંબ માટે અરજદારે કોઈ કારણ જણાવેલ નથી તેથી કોઈ દાદ મળવા પાત્ર નથી.

– **નામદાર ગુજરાત હાઈકોર્ટે ડીસ્ટ્રીકટ ડેવલેપેમેન્ટ ઓફીસર વિ. કાસમભાઈ એન. શેખ રીપોર્ટ ૨૦૧૫ (૨) જી. એલ. આર. ૧૧૬૪** ના કેસમાં દશ વર્ષના ડીલેના સંજોગોમાં અરજદાર કોઈ દાદ મેળવવા હકકદાર ન હોવાનું ઠરાવેલ છે.

– **નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પેશીયલ એપ્લીકેશન નંબર–૧૪૮૧૮/ ૨૦૧૫,** તા.૧૯/૦૨/૨૦૧૮, **સ્ટેટ ઓફ ગુજરાત વિ. જીતુભા દોલુભા પરમાર** ના જજમેન્ટના પારા–૬.૩ નીચે રીપ્રોડયુઝ કરેલ છે.

> **6.3** Of course, the Industrial Disputes Act does not prescribe period of limitation for raising dispute. However, absence of provision regarding period of delay, does not justify absence of and failure to offer any explanation by the claimant for not raising dispute for such long period of almost 19 years. The claimant, in such circumstances, is bound to satisfy the Court with regard to the delay and laches in raising dispute. Neither law nor equity would entertain any claim by any person who is apparently shown to be indolent in raising claim/dispute. Such claimant is atleast obliged to satisfy the Court about the reasons

and circumstances for such inordinate delay. After passage of reasonable time, any claim or any dispute will be deemed to be a dead dispute have been dead. Any dispute which is stale and dead, does not deserve to be entertained.

– **નામદાર સુપ્રિમ કોર્ટે પ્રભાકર વિ. જોઈન્ટ ડાયરેકટર સેરીકલ્ચર ડીપાર્ટમેન્ટના** કેસમાં ચુકાદો આપેલ છે તે કેસની હકીકત મુજબ ઔદ્યોગિક વિવાદ ધારા અન્વયે સરકાર દ્વારા કામદારને છુટા કર્યા સબંધે રેફરન્સ કરવામાં આવેલ હતો. મજુર અદાલતે બેકવેજીસ વિના પુન:સ્થાપિત કરવા એવોર્ડ કરેલો. જે નામદાર હાઈકોર્ટે કન્ફર્મ રાખેલ હતો. નામદાર હાઈકોર્ટની બેંચે રીટ અપીલમાં મજુર અદાલતનો એવોર્ડ રદ કરેલ હતો. તેની સામે કામદારે નામદાર સુપ્રિમ કોર્ટમાં સ્પેશીયલ લીવ પીટીશન કરેલ હતી. નામદાર સુપ્રિમ કોર્ટે નામદાર હાઈકોર્ટની સર્કિટ બેંચનો હુકમ કન્ફર્મ રાખી સ્પીશીયલ લીવ પીટીશન રદ કરેલ હતી. તેમાં એવું ઠરાવેલ છે કે, રેફરન્સ કેસને લીમીટેશનનો કાયદો લાગુ પડતો નથી તેમ છતાં લેચિસ અને એકવીચન્સનો સિધ્ધાંત લાગુ પડે છે. જયારે અસાધારણ અને અકારણ વિલંબ હોય ત્યારે કોઈ દાદ મળવાપાત્ર નથી. જયારે વિવાદ ઉપસ્થિત કરવામાં આવે ત્યારે જીવંત વિવાદ હોવો જોઈએ. લાંબા વિલંબ બાદ વિવાદ મૃત થઈ ગયેલ ગણાય. જીવંત વિવાદ ન હોય તો સરકાર રેફરન્સ કરવા ઈન્કાર કરી શકે છે. વિકલ્પે મજુર અદાલત / ઔદ્યોગિક અદાલત પણ કલમ–ર(કે) મુજબ ઔદ્યોગિક વિવાદ ન હોવાનું ઠરાવી શકે છે. તેના પેરા–૪૦ માં નીચે મુજબ ઠરાવેલ હતું.

– in those cases where there was no agitation by the workman against his termination and the dispute is raised belatedly and the delay or laches remain unexplained, it would be presumed that he had waived his right or acquiesced into the act of termination and, therefore, at the time when the dispute is raised it had become stale and was not an 'existing dispute'. In such circumstances, the appropriate Government can refuse to make reference. In the alternative, the Labour Court/Industrial Court can also hold that there is no "industrial dispute" within the meaning

of Section 2(k) of the Act and, therefore, no relief can be granted.

– વિવાદ ઉપસ્થિત કરવામાં થયેલ વિલંબ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં **દિનેશ રામજીભાઈ વાઘેલા વિ. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન અને બીજા, રીપોર્ટેડ ઈન ૨૦૧૮ (૨) જી. એલ. આર. ૧૨૦૧** ના ચુકાદામાં નીચે મુજબના તારણો આપેલ છે.

**10.** Apropos the question of delay reference may be made to Prabhakar (supra). While it has been settled that the Limitation Act does not apply to the proceedings under the Industrial Disputes Act (except where the Limitation is specifically provided under the Act itself), the appropriate Government would be obliged to address itself whether industrial dispute on the date of reference was a live industrial dispute. A mere passive demand without pursuing the matter actively, for a long period would not revive a dormant dispute. The disputant would be obliged to demonstrate concrete steps taken by him to keep the dispute live during the period under consideration. In the instant case, after the judgment was pronounced in Civil Suit in 2002, it was only in 2007 that the jurisdiction of the conciliating Officer was invoked without explaining the delay of five years. There is nothing on record to infer the explanation having been supplied by the workmen for the said long period of five years to conciliating Officer or the Labour Court. It is settled law in Prabhakar (supra) that decision of the appropriate Government to make reference is subject to judicial review and the judicial authority under the Industrial Disputes Act would be within its jurisdiction to address the question of delay even if not raised, for ascertaining whether there existed a live dispute at the time of reference.

Therefore, merely because the conciliating Officer submitted a report indicating existence of industrial dispute and merely because reference was made by the appropriate Government without addressing itself on the question as to whether there existed a live industrial dispute on the date of reference, it cannot be contended that the question of delay was irrelevant.

– હાલના કેસમાં અરજદાર પોતાનો વિવાદ તેર વર્ષ અને અઠાર દિવસ બાદ ઉપસ્થિત કરેલ છે ત્યારે નામદાર ગુજરાત હાઈકોર્ટે દાનજીભાઈ ભાણાભાઈ ના કેસમાં મુલવેલ છે તે મુજબ માલીકે રેફરન્સના હુકમને આ કામમાં પણ ચેલેન્જ કર્યાનું રેકર્ડ પર આવતુ નથી પરંતુ અરજદાર દ્વારા આટલા લાંબા ગાળા સુધી વિવાદને ઉપસ્થિત ન કરવા ના સંજોગોમાં અરજદારે પોતાના રીટ્રેન્ચમેન્ટને મુક સંમતિ આપેલી ગણાશે અને વિવાદ જીવંત ગણાશે નહી અને વિવાદ જીવંત નથી.

– પ્રભાકર વિરૂધ્ધ જોઈન્ટ ડાયરેકટર સેરીકલ્ચર ડીપાર્ટમેન્ટના કેસમાં કામદારને છુટા કર્યા પછી ૧૪ વર્ષ પછી વિવાદ ઉપસ્થિત કરેલ હતો. તે કામના કામદારે વિલંબ થવા અંગેનું કારણ એવું જણાવેલ હતું કે, ''તેણે પોતાને પુન:સ્થાપિત કરવા માટે મેનેજમેન્ટનો અવાર–નવાર સંપર્ક કરી વિનંતી કરેલ હતી. શરૂઆતમાં મેનેજમેન્ટે પુન:સ્થાપિત કરવા ખાત્રી આપેલ હતી. પરંતુ એક યા બીજુ બહાનુ બનાવી લંબાવ્યે જતા હતા અને છેલ્લે પુન:સ્થાપિત કરવા ઈન્કારી કરેલ છે. તેથી વિવાદ ઉપસ્થિત કરેલ છે'', તે કારણ અન્ય પુરાવા વિના વિલંબ માટે યોગ્ય ન હોવાનું નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે.

– નામદાર સુપ્રિમ કોર્ટે **આસીસ્ટન્ટ એન્જીનીયર, રાજસ્થાન સ્ટેટ એગ્રીકલ્ચર માર્કેટીગ બોર્ડ વિરૂધ્ધ મોહનલાલ** ના ચુકાદામાં પારા ૧૮ તથા ૧૯ માં નામદાર સુપ્રિમ કોર્ટના અગાઉના અજાયબસિંહ વિરૂધ્ધ સીરહિંદ કો. ઓપરેટીવ માર્કેટીગ વાળો ચુકાદો તે કેસની હકીકત આધારિત હોવાનું, બલબીર સિંહ વાળા ચુકાદામાં નોંધ્યાનું જણાવેલ છે. આ સં જોગોમાં વિલંબની તકરાર લેવામાં આવેલ ન હોય તો પણ કોર્ટે ધ્યાને લેવાની રહે છે.

– નામદાર સુપ્રિમ કોર્ટે પ્રભાકર વિરૂધ્ધ જોઈન્ટ ડાયરેકટર સેરીકલ્ચર ડીપાર્ટમેન્ટના ચુકાદામાં એવું પણ ઠરાવેલ છે કે, વિવાદ જીવંત હોય તેવા સંજોગોમાં જ રીલીફ મોલ્ડ

કરવાનો પ્રશ્ન આવે છે. જયાં તકરાર જ મૃત થઈ ગયેલ હોઈ અને લેચીસ તથા એકવીયન્સ નો બાધ નડતો હોઈ ત્યાં રેફરન્સ જ ટકવા પાત્ર નથી. અને કોઈ દાદ મળી શકે નહિ.

– **નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રવિણભાઈ નાનજીભાઈ ભરાડવા વિ. ગુજરાત રાજ્ય, એલ. પી. એ. નંબર–૩૦૭/૨૦૧૬, તા.૨૬/૦૪/૨૦૧૬** ના ચુકાદાના પેરા–૫ માં ડીલેના સંજોગોમાં વળતરનો પણ કયા સંજોગોમાં હુકમ કરવો યોગ્ય નથી તે ઓબ્ઝર્વ કરેલ છે.

**5.** It is to be noticed that though it is the case of the workman that he was discontinued from service on 15.9.1999, the dispute was raised in the year 2008. It is true that the provisions of Limitation Act, 1963 would not apply in stricto senso to the disputes under the Industrial Disputes Act but in the judgment in the case of Assistant Engineer, Rajasthan State Agriculture Marketing Board, sub-division, Kota (supra) and further in the judgment of Prabhakar V/s Joint Director Sericulture Department, reported in JT 2015(9) SC 83, the Supreme Court has clearly held that in a case of unexplained delay and laches on the part of the workman, the Court shall bear in mind such objection before grant of relief. It is also to be noticed that there is a specific case of the petitioner that the petitioner last worked only upto 1989 and on his own he discontinued from attending the work. In spite of such contention, there is no material placed before the learned Single Judge to show that he has continued in service after the year 1989. In that view of the matter, we are of the view that the learned Single Judge rightly placed reliance on the judgment referred above and allowed the petition. With regard to the other submissions made by learned advocate for the appellant that he may be awarded compensation at least in terms of the ratio of the laid down in , sub-division, Kota

(supra), it is to be noticed that in that set of facts, there was a delay of six years and he has admittedly worked from 1.11.1984 to 17.2.1986. In this case, having regard to the statement made by the employer before the Labour Court that the petitioner discontinued from the year 1989 on his own, we are of the view that this is not a fit case to grant any compensation also. Granting of compensation instead of reinstatement is also a matter which depends on various factors.

– આમ, અરજદાર પુરવાર કરી શકેલ નથી કે, તેમણે સામાવાળામાં જાન્યુઆરી–૧૯ ૮૩ થી તા.૩૧/૦૩/૨૦૦૯ સુધી એક ધારી અને સળંગ નોકરી કરેલ હતી અને સળંગ નોકરી ૨૪૦ દિવસ કરતા વધારે હતી.

– સામાવાળાએ રજુ કરેલ દસ્તાવેજમાં અરજદારે <u>તા.૨૧/૦૪/૧૯૯૩ થી તા.૧૩/૧૧ /૧૯૯૮ દરમ્યાન અલગ અલગ સિંચાઈ યોજના માં ૫૨૮ દિવસ</u> કર્યાનું રેકર્ડ પર આવેલ છે ત્યારે અરજદારે પોતાના માંગણાના નિવેદનમાં અને સરતપાસના સોગંદનામામાં પોતાને છુટા કર્યા ત્યારે જુનીયર કામદારોને નોકરીમાં ચાલુ રાખેલાનું જણાવેલ છે પરંતુ તેવા ચાલુ રાખેલા કામદારોના નામો જણાવેલ નથી અને ફકત જુનીયર કામદારોને નોકરીમાં ચાલુ રાખેલા તેટલા નિવેદન માત્રથી આઈ. ડી. એકટની કલમ–૨૫(જી) ને પુરવાર ગણી શકાય નહી. આમ, અરજદારને છુટા કર્યા ત્યારે જુનીયર કામદારોને ચાલુ રાખેલનું અરજદાર પુરવાર કરી શકેલ નથી.

– **નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૧ (૨) જી. એલ. આર. ૧૭૮૩ રણજીત નટરવરલાલ ચૌહાણ વિ. મોરબી નગરપાલીકા** ના કેસમાં ઠરાવેલ છે કે, આઈ. ડી. એકટની કલમ–૨૫(જી)(એચ) નો ભંગ પુરવાર કરવા માટે આક્ષેપ પુરતા નથી પરંતુ તેમણે સરતપાસમાં જુનીયર્સ અને નવા ભરતી કરાયેલા કામદારોની વિગત આપવી પડે વિકલ્પે આઈ. ડી. એકટની કલમ–૨૫(જી)(એચ) નો ભંગ પુરવાર માની શકાય નહી.

– અરજદાર એ પણ પુરવાર કરી શકેલ નથી કે તેમને તા.૩૧/૦૩/૨૦૦૯ ના રોજ મૌખીક હુકમથી છુટા કરેલ છે એટલે કે છટણીની તારીખ પણ અરજદાર પુરવાર કરી શકેલ

નથી. તેથી અરજદાર તરફે આંક–૫૫ ના લીસ્ટથી રજુ કરેલ ઓથોરીટીઓ મદદરૂપ થઈ શકે તેમ નથી.

– અરજદારે પોતાના સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે કે, પોતાને છુટા કર્યા બાદ ધીરૂભાઈ, રમેશભાઈ, મશાભાઈ વગેરેને કામ ઉપર રાખેલ છે. આવા કામદારોને કયારે કામ પર રાખ્યા ? અને આવા કામદારોને કામ પર રાખ્યાની પોતાને કયારે ખબર પડી ? અને ડીમાન્ડ નોટીસનું કારણ તે પોતાની જગ્યાએ ઉકત કામદારોને કામે રાખ્યા તે હોવાનું ડીમાન્ડ નોટીસમાં કે માંગણાના નિવેદનમાં જણાવેલ નથી. સામાવાળાએ આંક–૨૫ થી રજુ કરેલ દસ્તાવેજોમાં જણાવેલ છે કે, તા.૩૦/૧૧/૧૯૯૯ બાદ એક પણ યોજના ઉપર મસ્ટર ઈસ્યું કરવામાં આવેલ નથી. સદરહુ આંક–૨૫ વંચાણે લઈએ તો, સામાવાળાના જવાબ કે તા.૩૦/૧૧/૧૯૯૯ બાદ એક પણ યોજના ઉપર મસ્ટર ઈસ્યું કરવામાં આવેલ નથી. એટલે કે, જો શ્રી ધીરૂભાઈ, રમેશભાઈ અને મશાભાઈને સામાવાળાએ અરજદારની જગ્યાએ કામે રાખેલા હોય તો તા.૩૦/૧૧/૧૯૯૯ પહેલા. એટલે કે**, માની લઈએ કે,** તા.૩૦/૧૧/૯૯ નારોજ સદરહુ શ્રી ધીરૂભાઈ, રમેશભાઈ અને મશાભાઈને સામાવાળાએ કામે રાખેલ છે તો અરજદારે ડીમાન્ડ નોટીસ તારીખ : ૦૧/૧૨/૨૦૧૧ ના રોજ આપેલ છે જે બાર વર્ષ બાદ. એટલે કે, અરજદાર ના કેસમાં આઈ. ડી. એકટની કલમ–૨૫(એચ) નો ભંગ પુરવાર **માનવામાં આવે તો** તે કારણસર અરજદારે ડીમાન્ડ નોટીસ આશરે બાર વર્ષ બાદ આપેલ છે. આ સંજોગોમાં ડીલે, લેચીસ અને એકવીયન્સ, એટલ ` કે, બાર વર્ષ બાદની ડીમાન્ડ તે, ડીલે, લેચીસ અને એકવીયન્સના કારણે અરજદારને તે કારણે કોઈ પણ દાદ અપાવવામાં બાધ થશે.

– આ તમામ સંજોગોમાં અરજદાર તરફે રજુ થયેલ ચુકાદો અરજદારના કેસને લાગુ પડતો નથી. ઉપરોકત મુલવણી મુજબ અરજદારના રેફરન્સ સમયે પક્ષકારો વચ્ચે કોઈ જીવંત ઔધોગિક તકરાર અસ્તિત્વમાં ન હતી. આમ, અરજદારના કેસને ડીલે, લેચીસ અને એકવીયન્સનો બાધ નડે છે.

– આમ, મુદા નંબર–૨ તથા ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૧૪) મુદ્દા નંબર–૪

– હાલના કેસની હકીકત, પક્ષ નિવેદન, રજુ પુરાવાઓ, કાયદાકીય જોગવાઈ અને મુદાઓના નિર્ણયો તેમજ નામ. ઉચ્ચ અદાલત અને નામ.ઉચ્ચતમ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

(૧૫) **આખરી હુકમ :–**

**–:: હુ ક મ ::–**

(૧) અરજદાર **શ્રી મગનભાઈ ચનાભાઈ આતરેસા** નો રેફરન્સ આથી રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**સ્થળ :** રા જ કો ટ.

( પી. આર. સુથાર )
**GJ01026**
ન્યાયાધીશ (સી. ડી.)
મજુર અદાલત નંબર–૨, રાજકોટ.

**તારીખ :** ૧૬ / ૧૨ / ૨૦૨૩